જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૭/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૪૩/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૧૧૨ | ૭૦ | ૧૦૧૮૨ | ૧૬૧૬૬ | ૭૦ | ૧૬૨૩૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૧૪ | 3 | ૪૩૧૭ | ૫૮૩૦ | 3 | ૫૮૩૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૧૫૪ | ૫૯ | ૧૩૨૧૩ | ૧૩૬૭૯ | ૫૩ | ૧૩૭૩૨ |
| | કુલ | ૨૭૬૨૩ | ૧૩૨ | ૨૭૭૫૫ | ૩૫૮૭૮ | ૧૨૬ | ૩૬૦૦૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૭ | ૭,૭૧,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯૪૫ | ૫,૮૯,000/- |

# તડીપાર આરોપીની અટકાયતની વિગત

**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## કોમ્બીંગ ના.રા.દરમ્યાન અમદાવાદ શહેર ,અમદાવાદ ગ્રામ્ય , ગાંધીનગર, ખેડા, મેહસાણા જીલ્લાઓમાંથી તડીપાર ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે તેમજ મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી તા.૨૫/૭/૨૦૨૦ ક.૨૨/૦૦ થી ૨૪/૦૦ તથા તા.૨૬/૭/૨૦૨૦ ના ક.૦૦/૦૦ થી ૦૫/૦૦ સુધીનું આયોજન કરી કોમ્બીંગને લગતી અલગ-અલગ કામગીરી આપવામાં આવેલ જે અનુસંધાને સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે તડીપાર ઇસમો ચેક કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે મે. મ.પો.કમિ.શ્રી "એન" ડિવીઝનના પત્ર ક્રમાંક:"એન "ડીવીઝન/તડીપાર/૯૫૧/૨૦૨૦ તા.૨૯/૦૩/૨૦૨૦ ના હુકમ આધારે બજવણી તારીખથી બે વર્ષ માટે તડીપાર ઇસમ જુની ભોગીલાલની ચાલીના નાકે મળી આવતા જીપીએકટ કમલ-૧૪૨ મુજબ તા.૨૫/૦૭/૨૦૨૦ ના કલાક.૨૩/૦૫ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

## આરોપીનું નામ ;-

**પ્રદિપસિંહ સ./ઓ.કનુજી રજુજી વિહોલ (રહે.ભોગીલાલની જુની ચાલી, કેન્સર હોસ્પીટલ સામે,શાહીબાગ,અમદાવાદ)**

## કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.હે.કો.અલ્પેશકુમાર અમૃતલાલ બ.નં.૪૯૮૩ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો.કુલદિપસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૫૧૧૧



# વોન્ટેડ આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## કોમ્બીંગ ના.રા.દરમ્યાન પ્રોહીબિશનના ગુનામાં વોન્ટેડ આરોપીબેનને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે તેમજ મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી તા.૨૫/૭/૨૦૨૦ ક.૨૨/૦૦ થી ૨૪/૦૦ તથા તા.૨૬/૭/૨૦૨૦ ના ક.૦૦/૦૦ થી ૦૫/૦૦ સુધીનું આયોજન કરી કોમ્બીંગને લગતી અલગ-અલગ કામગીરી આપવામાં આવેલ જે અનુસંધાને સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે નાસતા-ફરતા આરોપીઓને ચેક કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન (૧) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૩૦૭/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ-૬૫(એ,એ), ૮૧ તથા (૨) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૩૩૩/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ-૬૬(બી), ૬૫(એ,એ) તથા (૩) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૯૫૬/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ-૬૬(૧)(બી), ૬૫(ઇ),૮૧ તથા (૪) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૧૪૬૩/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ-૬૫(એ,એ) મુજબના ગુનામાં આરોપીબેન-હંસાબેન વા./ઓ.દિપકભાઇ જાદવ ઉ.વ.૪૨ રહે.મ.નં.ઇ/૧/૭૦૭ ન્યુ લક્ષ્મીનગર સોસા.ઘોડા કેમ્પ રોડ,શાહીબાગ.અમદાવાદ શહેરની ઉપરોકત ગુનામાં વોન્ટેડ હોય જેની તા.૨૫/૦૭/૨૦૨૦ ના રોજ તપાસ કરતા મળી આવતા હાલમાં કોરોના વાયરસના કારણે ના.કોર્ટની ગાઇડ લાઇન મુજબ આરોપીની ધરપકડ કરતા પહેલા કોવીડ-૧૯ નો રીપોર્ટ કરાવવો જરૂરી હોય જેથી સદરી આરોપીબેનનો કોવીડ-૧૯ નો રીપોર્ટ કરાવવા તજવીજ કરી સારી કામગીરી કરેલ છે.

### આરોપીનું નામ ;-

**હંસાબેન વા./ઓ દિપકભાઇ જાદવ (ઉ.વ.૪૨) (રહે. ન્યુ લક્ષ્મીનગર સોસા.ઘોડા કેમ્પ રોડ,શાહીબાગ.અમદાવાદ)**

### કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.હે.કો.અલ્પેશકુમાર અમૃતલાલ બ.નં.૪૯૮૩ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો.કુલદિપસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૫૧૧૧

## <u>સાબરમતી પોલીસ સ્ટેશન :-</u>

## <u>સાબરમતી વિસ્તારમાંથી મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનનો પ્રોહીબીશનના ગુનાનો વૉંટેડ આરોપીને ઝડપી લેતી સાબરમતી પોલીસ</u>

મેં પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ રાખેલ ડ્રાઇવ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પો.સ્ટે. પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા સાહેબ નાઓની સુચનાથી સર્વેલન્સ પો.સ.ઇ. સુશ્રી બી.પી.ભેટારીયા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના **લોકરક્ષક કમલેશભાઇ સાગરભાઇ બ.નં-૮૦૫૫** નાઓની બાતમી હકીકત આધારે સાબરમતી ધરમનગર પાસે વોચ દરમ્યાન મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશન ગુ.ર.નંબર-૬૮/૨૦૨૦ (પાર્ટ-સી-ગુ.ર.નં-૧૧૨૦૬૦૪૩૨૦૦૧૨૮) ધી પ્રોહી કલમ-૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના કામના વોંન્ટેડ આરોપી નામે કમલેશ ઉર્ફે કમલો સ/ઓ અનુપજી ઠાકોર ઉ.વ.૩૨ રહેવાસી - મહુડાવાળી ચાલી ધરમનગર સાબરમતી અમદાવાદ શહેર નાને ઉપરોક્ત ગુનાના કામે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અટક કરવાનો હોય અને હાલમાં વૈશ્વીક સમસ્યા કોરોના વાયરસ બિમારીની મહામારી ચાલતી હોય જેથી સાબરમતી પોલીસ સ્ટેશન સ્ટે.ડા.એ.નંબર-૩૬/૨૦૨૦ તારીખ ૨૪/૦૭/૨૦૨૦ થી સદરી આરોપીને નજરકેદ કરી સદરી બાબતે આગળની ઘટતી કાર્યવાહી કરવા સારુ મહેસાણા તાલુકા પોલીસ નાઓને સોપેલ છે આમ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનનો વોંન્ટેડ આરોપી પકડી પાડવામાં આવેલ છે તા-૨૫/૦૭/૨૦૨૦

**<u>સારી કામગીરી કરનાર</u> :-** (૧) PSI સુશ્રી બી.પી.ભેટારીયા (૨) HC જગદીશચન્દ્ર વિનોદકુમાર બ.નં.૮૫૨૪ (૩) PC હિતેષકુમાર મોહનભાઇ બ.ન.૫૯૫૯ (૪) LR ધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ (૫) LR કમલેશકુમાર સાગરભાઇ બ.નં.૮૦૫૫ (૬) LR અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨

**<u>પકડાયેલ આરોપીઓ</u>:-** (૧) કમલેશ ઉર્ફે કમલો સ/ઓ અનુપજી ઠાકોર ઉ.વ.૩૨ રહેવાસી - મહુડાવાળી ચાલી ધરમનગર સાબરમતી અમદાવાદ શહેર

# જુગારના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## ચાંદખેડા ખાતે મોટેરા ગામ બાલ મંદિર વાસમા બંધ મકાનમા જુગાર ધામ પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 તથા ના.પો.કમિ.શ્રી ઝોન-2 તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન સાહેબ નાઓની સુચના મુજબ પ્રોહી. તથા જુગારની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અંગેની સુચના અન્વયે ચાંદખેડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર બી.કે.ગમાર તથા સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. કે.એચ.ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો. દિનેશકુમાર ધનજીભાઇ બ.નં-૩૪૫૦ તથા અ.હે.કો. ભરતકુમાર વિહાજી બ.નં-૩૫૨૭ તથા અ.હે.કો. લક્ષ્મણભાઇ જીવાજી બ.નં.-૯૨૮૭ તથા અ.હે.કો. શામળભાઇ ગાંડાભાઇ બ.નં.૪૪૨૭ તથા અ.હે.કો. હિરેનકુમાર ભરતભાઇ બ.નં.૪૫૨૫ તથા અ.હે.કો. ભગીરથસિંહ અનોપસિંહ બ.નં-૯૪૦૨ તથા અ.હે.કો. મહેંદ્રસિંહ પ્રતાપસિંહ બ.નં-૪૩૬૫ તથા અ.પો.કો. અમિતકુમાર લીમસિંગભાઇ બ.નં-૮૫૪૫ તથા અ.પો.કો. કલ્પેશકુમાર પ્રેમજીભાઇ બ.નં-૫૬૩૭ તથા અ.લો.ર. કરણજી મેણંદભાઇ બ.નં.-૧૩૩૯ તથા અ.લો.ર. કાર્તિક મનુભાઇ બ.નં. ૧૦૧૬૫ માણસો સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા કોમ્બીંગ ના.રા. પેટ્રોલીંગમા હતા અને પેટ્રોલીંગ દરમ્યાન સાથેના અ.હે.કો. દિનેશકુમાર ધનજીભાઇ બ.નં.૩૪૫૦ તથા અ.હે.કો. હિરેનકુમાર ભરતભાઇ બ.નં.૪૫૨૫ નાઓની સન્યુક્ત બાતમી હકિકત આધારે મકાન નં-૧૫૦, બાલ મંદિર વાસ નગર પાલિકાની બાજુમા મોટેરા ગામ અમદાવાદ શહેર ખાતે આવેલ મકાનમાં આરોપીઓ નં.(૧) હસમુખભાઇ કાંતિલાલ પટેલ ઉ.વ.૬૦ ધંધો-છુટક મજુરી રહે.મકાન નં-૧૫૦, બાલ મંદિર વાસ નગર પાલિકાની બાજુમા મોટેરા ગામ અમદાવાદ શહેર તથા નં.(૨) રાજેંદ્રભાઇ શિવાભાઇ પટેલ ઉ.વ.૫૫ ધંધો-ખેતીકામ રહે.- બાલ મંદિર વાસ નગર પાલિકાની બાજુમા મોટેરા ગામ (૩) જગદીશ જયંતિભાઇ વાળંદ ઉ.વ.૪૫ ધંધો-વેપાર રહે.બી/૩૦૪, અક્ષર હેવન હરગોવન પાર્ક પાસે મોટેરા ચાંદખેડા (૪) સુરેશભાઇ ચંદુલાલ દવે ઉ.વ.૫૪ ધંધો-મજુરી રહે.૧૦૨, ગણેશ રેસીડેંસી ક્રિષ્ણા બંગ્લોઝ વિભાગ-૦૨ ની બાજુમા મોટેરા ચાંદખેડા (૫) બળદેવજી લક્ષ્મણજી ઠાકોર ઉ.વ.૬૧ ધંધો-વેપાર રહે.મકાન નં-૩૨/૧૮૬, રેલ્વે ક્વાર્ટસ ધર્મનગર સાબરમતી (૬) નિતિનભાઇ બાબુલાલ પટેલ ઉ.વ.૩૫ ધંધો-નોકરી રહે.-બી/૧, ઇન્દીરાનગર મોટેરા સ્ટેડિયમની બાજુમા સાબરમતી (૭) સુરેશભાઇ મણીલાલ પટેલ ઉ.વ.૫૩ ધંધો-વેપાર રહે.ભમરીયા છાપરા ગંગાબેન રામઅવતારસિંહ ચૌહાણના મકાનમા હનુમાનની ચાલી સોલા ક્રોસીંગ રોડ (૮) જયેશ ચુડામન પૌનીકર ઉ.વ.૩૨ ધંધો-ગેરેજ રહે.મકાન નં-સી/૧૩, પ્રમુખ નગર સાયોના સીટી ઘાટલોડીયા નાઓ ગંજી પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા તેઓ પાસેથી જુગારના દાવના નાણાં રૂ|.૨૨૦૦/- તથા તમામ આરોપીઓના અંગઝડતીના નાણાં રૂ|.૪૦,૬૮૦/- મળી કુલ નાણાં રૂ|.૪૨,૮૮૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ ની કિં.રૂ|.૦૦/૦૦ ગણી તેમજ મળી આવેલ બે ટુ વ્હીલર એક્ટીવાની કિં.રૂ|.૮૫,૦૦૦/- તેમજ મોબાઈલ ફોન નંગ- ૦૫ ની કિં.રૂ|.૦૬,૧૦૦/- ની મળી કુલ્લે કિં.રૂ|.૦૧,૩૩,૯૮૦/- મત્તાનો નો મુદ્દામાલ કબ્જે કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૬/૦૭/૨૦૨૦

## રામોલ પોલીસ સ્ટેશન :-

## જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ રોકડા રૂપીયા ૧૪૦૮૦/- ના મુદ્દામાલ સાથે પાંચ ઈસમો ઝડપાયા

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ આજરોજ તા:૨૫/૦૭/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની/પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો જયવિરસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૧૬ તથા પો.કો યુવરાજસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૧૮૮૧ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે રામોલ નીરાત ચાર રસ્તા પાસે માધવ પાર્કની સામે મનોહર પાર્ક મકાન નં.૬૭ ખાતે રહેતા દીલીપભાઈ ધીરૂભાઈ પ્રજાપતી નામનો માણસ પોતાના કબજાના મકાનમાં બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડે છે અને તેઓની જુગાર રમવાની પ્રવુર્તી હાલ ચાલુ છે જે બાતમી આધારે રામોલ નીરાત ચાર રસ્તા પાસે માધવ પાર્કની સામે મનોહર પાર્ક મકાન નં.૬૭ માં પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) દીલીપભાઈ ધીરૂભાઈ પ્રજાપતી ઉવ:૩૪ રહે:૬૭ મનોહર પાર્ક માધવ પાર્કની સામે નીરાત ચાર રસ્તા રામોલ અમદાવાદ શહેર નં.(૨) દીનેશભાઈ પ્રતાપભાઈ વણઝારા ઉવ:૩૦ રહે:લખાવી માલધારીની ચાલી નાગરવેલ હનુમાન પાસે અમરાઈવાડે અમદાવાદ શહેર તથા નં.(૩) દીનેશભાઈ જયસિંગભાઈ કુશ્વાહ ઉવ:૩૫ રહે:રાજીવનગરનો ટેકરો રામોલ ગામ રોડ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૪) સંદીપભાઈ મનસુખભાઈ ગોહીલ ઉવ:૨૭ રહે:૪/૨૦ શંકરનગર રબારી કોલોની રોડ અમરાઈવાડી અમદાવાદ શહેર તથા નં.(૫) શૈલેષભાઈ કમશીભાઈ દેસાઈ ઉવ:૩૫ રહે:રબારી કોલોની ગેટ નં.૩ અમરાઈવાડી અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમતા **રોકડા રૂપીયા ૧૪૦૮૦/- તથા ગંજી પાના નંગ:૫૨** મળી કુલ્લે રૂપીયા ૧૪૦૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



## રામોલ પોલીસ સ્ટેશન :-

## દેશી દારૂ ૧૨૦ લીટર કીમત રૂપીયા ૨૪૦૦/- તથા ફોરવ્હીલર ગાડી ટાટા નેનોમાં કીમત રૂપીયા ૫૨૪૦૦/- ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરતા ઈસમને પકડી પાડતી રામોલ પોલીસ


પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ આજરોજ તા:૨૫/૦૭/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની/પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ બ.નં.૧૩૮૭ તથા પો.કો શૈલેષભાઈ પોપટભાઈ બ.નં.૧૫૩૫ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે એક અજાણ્યો માણસ પોતાના કબજાની નેનો ફોર વ્હીલર ગાડી નં.જીજે.૦૧.કેએચ.૬૯૭૩ માં કેટલોક દેશી દારૂનો જથ્થો ભરી લાઈ રીંગરોડ તરફથી આવી અત્રે થઈ અમરાઈવાડી સત્યમનગર તરફ જનાર છે જે બાતમી આધારે રામોલ રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા ખાતે પંચો સાથે વોચ કરતા આરોપી ગોપાલભાઈ મંગળભાઈ વાઘરી ઉવ:૩૫ રહે:ગામ:નગરીમાં પાનવડીયા તા:ઠાસરા જી:ખેડા ને પોતાના કબજાની ટાટા નેનો ગાડી નં.જીજે.૦૧.કેએચ.૬૯૭૩ માં વગર પાસ પરમીટે દેશી દારૂ ૧૨૦ લીટર કીમત રૂપીયા ૨૪૦૦/- તથા ગાડી મળી કુલ્લે કીમત રૂપીયા ૫૨૪૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી તેના વિરુધ્ધમાં ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઈ),૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# “શી” ટીમની કામગીરી

## દરીયાપુર પોલીસ સ્ટેશન

દરીયાપુર પોલીસ સ્ટેશન 'સી ટીમ' દ્વારા સિનિયર સીટીઝન ની મુલાકાત કરવામાં આવી









# "શી" ટીમની કામગીરી

## ખાડિયા પોલીસ સ્ટેશન

ખાડિયા પોલીસ સ્ટેશન 'સી ટીમ' દ્વારા સિનિયર સીટીઝન ની મુલાકાત કરવામાં આવી



## પાસા આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :-**

## શરીર સબંધિત ગુના આચરતા આરોપીને પકડી પાસા હેઠળ લાજપોર જેલ સુરત ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં શરીર સબંધિત બનાવો અટકાવવા તથા આવા બનાવોમાં પકડાયેપલ આરોપી વિરૂદ્ધ અટકાયતી પગલા લેવા તેમજ આવા શરીર સબંધિત ગુનાઓ સબંધેની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે શ્રી એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ પો.સ્ટે. વિસ્તારમાં આવા શરીર સબંધીત અસામાજીક પ્રવુતિ આચરતા તથા પોલીસ ઉપર હુમલો કરવાના આરોપી વિરૂદ્ધ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનો પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૩૧૨/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૩૨, ૨૯૪(ખ), ૧૮૮, ૧૮૬, ૧૧૪ તથા એમ.વી એકટ ૨૦૭ મુજબના ગુનાના કામના આરોપી વિપુલ ઉર્ફે કવિ સ/ઓ બળદેવભાઇ કેસાભાઇ રાવત (પરમાર) ઉ.વ.૨૬ રહે. નવાવાટજ ભરવાડ વાસ જીતુ ભરવાડના મકાનમા અમદાવાદ શહેર મુળ વતન- ગામ.દિગડી રાવત વાસ તા.જી.પાટણ. ની ગુનાહિત પ્રવુતિ સબબ તેના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી પો.કમિશ્રી અમદાવાદ્ શહેર ને મોકલતા પીસીબી/ડીટીએન/પાસા/૫૪૭/૨૦૨૦ તા.૨૫/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા મજકુર આરોપીને તારીખ.૨૫/૦૭/૨૦૨૦ ના કલાક ૨૩/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરાવામાં આવેલ છે. તા.૨૫/૦૭/૨૦૨૦

**આરોપીનું નામ** :- વિપુલ ઉર્ફે કવિ બળદેવભાઇ કેસાભાઇ રાવત ઉ.વ.૨૬ રહે. નવાવાડજ ભરવાડ વાસ જીતુ ભરવાડના મકાનમાં મુળ વતન:- ગામ-દિગડી રાવત વાસ તા.જી.પાટણ.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીનું નામ** : (૧) એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેકટર નારોલ પો.સ્ટે. (૨) અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા (૩) અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦



**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

## પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ


મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી હિતેષ સ/ઓ ગેમરસીગ મંગાજી વાઘેલા ઉ.વ ૨૩ રહે કૈકા કન્યા શાળા સામે જીવરાજ બીડી કારખાનાની બાજુમા ઠાકોર વાસ ગોમતીપુર અમદાવાદ શહેર નાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા /૫૨૪/૨૦૨૦ તા.૨૨/૦૭/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૨૫/૦૭/૨૦૨૦



## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી રાજ ઉર્ફે રાજા સ/ઓ રાકેશભાઇ ઉર્ફે મુશીયા બંસીભાઇ બંગાળી (છારા) ઉ.વ ૨૩ રહે,સિંગલની ચાલી સેનુના મકાનમા બંગલા એરીયા કુબેરનગર છારાનગર સરદારનગર અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા /૫૨૭/૨૦૨૦ તા.૨૩/૦૭/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૨૫/૦૭/૨૦૨૦




## <u>ગુના નિવારણ શાખા :-</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.૨૫.૦૭.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સગાળો બોલી સાગરિતે છરી વડે ફરીયાદીના ડાબા હાથના બાવળા ઉપર તથા જમણા ખભા ઉપર તથા ડાબી પીઠ ઉપર ઈજા કરનાર તથા અન્ય કિસ્સામા ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી અને ઝઘડો કરનાર તથા બિભત્સ ગાળો બોલી તલવાર વડે સાહેદના ડાબા હાથની કોણીના નીચે ગંભીર ઈજાઓ કરનાર તથા સાહેદોને પણ શરીરે તલવાર વડે ઈજાઓ કરનાર માથાભારે અને જનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે રાહુલ ગોપાલભાઈ ઉર્ફે ગોપીભાઈ પટણી( ગોટકાવાળા)રહેવાસી-સોનેરીયા બ્લોક લલ્લુ રત્નના છાપરા અમદાવાદ શહેર મુળ વતન નદીવાળો વાસ સિધ્ધપુર મહેસાણા વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાહુલ ગોપાલભાઈ ઉર્ફે ગોપીભાઈ પટણી(ગોટકાવાળા)રહેવાસી-સોનેરીયા બ્લોક લલ્લુ રત્નના છાપરા અમદાવાદ શહેર મુળ વતન નદીવાળો વાસ સિધ્ધપુર મહેસાણા |

- અમદાવાદ શહેરના બાપુનગર પોસ્ટે વિસ્તાર ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી ઝઘડો કરી તુ અહીયા કેમ ફરે છે તેમ કહી બિભત્સગાળો બોલી સાગરિતો તલવાર તથા લાક્ડી જેવા હથિયાર લઈ તેમજ રિવોલ્વર જેવુ હથિયાર લઈ સાહેદ પાસે આવી સાગરિતે તલવાર વડે ફરીયાદીને માથામા તથા સાહેદને ડાબા હાથની હથેળીમા ઈજા કરનાર તેમજ ફરીયાદી તથા સાહેદો ને જાનથી મારી નાખવાની ધમકી આપનાર તથા અન્ય કિસ્સામાપોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશી બનાવટની પિસ્ટલ તથા કારતુસ લાવી વગર લાયસંસે ગુનાહિત ઈરાદે પોતાની પાસે રાખનાર માથાભારે અને જનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે જેનુલ આબેદીન ઉર્ફે જાનુ ઠઠીયો અબ્દુલ ઝબ્બાર અંસારી રહે.૩/૪૭ ગાયત્રી એપાર્ટમેંન્ટ સુન્દરમ નગર બાપુનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | જેનુલ આબેદીન ઉર્ફે જાનુ ઠઠીયો અબ્દુલ ઝબ્બાર અંસારી રહે.૩/૪૭ ગાયત્રી એપાર્ટમેંન્ટ સુન્દરમ નગર બાપુનગર અમદાવાદ શહેર |

➤ ગોમતીપુર પો.સ્ટે વિસ્તારમા ફરીયાદીની ફેટ પકડી ચલ પૈસા નિકાલ તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે મારો ફેટ મુકી દે મારી પાસે પૈસા નથી તેમ કહેતા દરખાસ્ત કરેલ ઈસમ ઉશકેરાઈ જઈ ચપ્પુ વડે ફરીયાદીને ગળામા ભાગે તેમજ છાતીના ભાગે જીવલેણ ઈજાઓ કરી તેમજ અન્ય કિસ્સામા દરખાસ્ત કરેલ ઈસમે સાહેદની નજર ચુકવી મો.ફોનની ચોરી કરી લઈ જનાર ચોરી કરી મેળવેલ મો.ફોન પોતાના કબ્જામા રાખનાર ગુનાહિતમાનસ ધરાવનાર ઈસમ નામે મહંમદ યુનુસ ઉર્ફે કાંતી મહંમદ યાકુબ મહમંદ સીદીક શેખ રહેવાસી- મ.ન.૧૪૮૪ મદની મહોલ્લા બાબુલાલ શરબતવાળાની બાજુમા શમશેરબાગ ગોમતીપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મહંમદ યુનુસ ઉર્ફે કાંતી મહંમદ યાકુબ મહમંદ સીદીક શેખ રહેવાસી- મ.ન.૧૪૮૪ મદની મહોલ્લા બાબુલાલ શરબતવાળાની બાજુમા શમશેરબાગ ગોમતીપુર અમદાવાદ |

➤ અમદાવાદ શહેરના નિકોલ પોસ્ટે વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદી સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સગાળો બોલી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા સાગરિતે છરી વડે ફરીયાદીને ગળાની ડાબી બાજુ તથા ડાબા હાથના અંગુઠા પાસે ઘા મારી ઈજા કરી તેમજ દરખાસ્ત કરેલ ઈસમે લાકડી વડે ફરીયાદીના ઘુટણના ભાગે ફટકો મારી ઈજા કરનાર તેમજ અન્ય કિસ્સામા ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી અને ઝઘડો કરનાર ચપ્પુ વડે ફરીયાદીના નીચેના હોઠે તથા ડાબા હાથની કોણી પાસે ઈજા કરનાર માથાભારે અને ઝનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે સાગર શંકરભાઈ પરમાર રહેવાસીગુ ૧૫૧.ન.મ -.હા . બોર્ડ મકાન્ કઠવાડા તા અમદાવાદ.દ્રસ્કોઈ જિ.વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સાગર શંકરભાઈ પરમાર રહેવાસી- મ.ન.૧૫૧ ગુ.હા. બોર્ડ મકાન, કઠવાડા તા.દ્રસ્કોઈ જિ.અમદાવાદ |

➤ અમદાવાદ શહેર ના મેઘાણીનગર પોસ્ટે વિસ્તારમા દેશી દારુ જનતાના સ્વાસ્થયને હાની કારક હોવા છતા પોતાના સાગરિત પાસેથી પોતાના સાગરીતો મારફતે ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશીદારુ નો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મઁગાવી પોતાના સાગરિતો સાથે મળી પોતા રહેણાક આસપાસ વિસ્તારમા ગેવગર પાસ .કા. પરમીટના દેશી દારુ નુ વેચાણ કરનાર બહેન નામેગીતાબેન વિઠલભાઈ રતીલાલ મીણેકર રામદેવપીરના મંદિરની પાછળ નરોડા પાટીયા ર.મહાજનીયાવાસ ગલી ન -રહેવાસી (છારા) અમદાવાદ શહેરતથા રાજધાની ચોકની ચાલી મેલડી માતાના માઁદિર ની બાજુમા છારાનગર કુબેરનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ગીતાબેન વિઠલભાઈ રતીલાલ મીણેકર (છારા) રહેવાસી-મહાજનીયાવાસ ગલી ન.૨ રામદેવપીરના મંદિરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ શહેરતથા રાજધાની ચોકની ચાલી મેલડી માતાના માઁદિર ની બાજુમા છારાનગર કુબેરનગર અમદાવાદ |

➢ આ ઉપરાંત પ્રોહીબીશન સંબધી તથા શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૧૨ ઇસમો મળી **કુલ્લે ૧૭ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૪૩૯ લીટર દેશી દારૂ, ૧૩૨ ઈંગ્લીશ દારૂ અને ૯૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**રસ્તામાં કુતરૂં આવી જતા પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૬/૨૦૨૦**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ઈમરાન યાકુબભાઈ કુરેશી** (ઉ.વ.૩૪) (રહે.અલકુબા સોસાયટી વટવા) તા.૨૪/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે વટવા ટર્નિંગ બ્રીજ નજીકથી એક્સેસ સ્કૂટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં કુતરું આવી જતા બ્રેક મારતા સ્કૂટર સાથે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૭/૨૦૨૦ કલાક ૧૨/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઇમરાન કુરેશીના પિતા યાકુબભાઇ કુરેશીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ગમાર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૪૭/૨૦૨૦**

**વાસણાઃ** વિપુલ સ/ઓ વિનોદભાઇ (ઉ.વ.૨૧) (રહે. પકોડીવાળાની ચાલી મિલ્લત કોલોની ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૦૨૦ સાજના ૭/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

**ઓઢવઃ** મીથીલેશબહેન વા/ઓ ધર્મેન્દ્રભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે.ગજરાવાડીની ચાલી રીંગ રોડ ઓઢવ) નિઃસંતાન હોઈ મનમાં લાગી આવતા તા.૨૪/૦૭/૨૦૨૦ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ફિનાઈલ પી લેતા સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી